# નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

## સાફલ્યગાથા તા.૦૩/૦૫/૨૦૨૧ થી ૦૯/૦૫/૨૦૨૧

<table>
<tr><td>કચેરી/ શાખા /</td><td>કરેલ સારી કામગીરી</td></tr>
<tr><td>નવસારી ટાઉન પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ</td><td>પાર્ટ બી ગુ.ર.નં.૧૧૮૨૨૦૧૯૨૧૧૧૮૩ જુગાર ધારા કલમ ૧૨ મુજબ મોજે- નવસારી ભેસતખડા માછીવાડ પાસે આવેલ ખુલ્લા મેદાનમાં આ કામના તહોએ મેદાનમાંતીન પત્તી પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતા રેડ દરમ્યાન અંગઝડતીમાંથી રોકડા રૂપીયા ૪૪૦/- તથા ગંજીપાના નંગ-૦૬ કી.રૂ.૦૦/- તથા દાવ ઉપરના રોકડા રૂપીયા ૨૦૦/- તથા ગંજીપાના નંગ-૪૬ કી.રૂ.૦૦/- ફૂલ કી.રૂ.૬૪૦/-નો મુદામાલ તથા જુગારના સાધનો સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ.</td></tr>
<tr><td><br>છોટુભાઇ કાસમભાઇ શેખ રામજીવન ઉર્ફે કાલીયા પ્રજાપતી</td><td>પ્રેસ નોટ તા.૦૪/૦૫/૨૦૨૧<br>ગણદેવી પોલીસ સ્ટેશનના જુગાર તથા પ્રોહીબીશનના ગુનામાં છેલ્લાં એક વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી.ટીમ<br><br>નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નાઓએ નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.ઓ.જી. નવસારીનાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે<br>ગઇકાલે અ.હે.કો. ભાવેશ જયમનલાલ તથા અ.હે.કો. મોહમદફેસલ મકબુલ હુસેનનાઓ નવસારી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગે પેટ્રોલીંગમાં હતા.<br>દરમ્યાન અ.હે.કો મોહમદફેસલ મકબુલ હુસેન નાઓને ખાનગી રાહે મળેલ બાતમી હકીકત આધારે ગણદેવી પો.સ્ટે પાર્ટ બી ૧૧૮૨૨૦૧૨૨૦૧૨૬૫/૨૦૨૦ જુગારધારા કલમ ૧૨ (અ) મુજબના કામના નાસતા ફરતા આરોપી છોટુભાઇ કાસમભાઇ શેખ ઉ.વ.૫૦ રહે. ગણદેવી જમાદારવાડ નવીનગરી તા.ગણદેવી જી.નવસારીનાઓ પોતાના ઘરે હાજર મળી આવતાં પકડી પાડેલ.<br>તેમજ અ.હે.કો. ભાવેશ જયમનલાલ તથા અ.હે.કો. મોહમદફેસલ મકબુલ હુસેનનાઓને મળેલ સંયુકત બાતમી આધારે ગણદેવી પો.સ્ટે પાર્ટ સી ૧૧૮૨૨૦૧૨૨૦૨૦૬૧/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૫ એઇ, ૧૧૬(૨),૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી રામજીવન ઉર્ફે કાલીયા વિધાસાગર પ્રજાપતી ઉ.વ. ૨૬ રહે.ગોલવાડ સુરત હાલ રહે. રૂમ નંબર ૧૧૬,હરીનગર-૩ ઉધના સુરતનાને ખારેલ ઓવરબ્રીજ ખાતેથી પકડી પાડેલ.<br>COVID-19 મહામારી અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ માર્ગદર્શન અનુસંધાને પકડાયેલ આરોપીઓનો COVID-19 ટેસ્ટ કરાવી રિપોર્ટ નેગેટીવ આવતા બંને આરોપીઓને સી.આર.પી.સી.૪૧ (૧) આઈ મુજબ અટક કરી આગળની કાર્યવાહી માટે ગણદેવી પો.સ્ટે. ખાતે સોંપવામા આવેલ.</td></tr>
<tr><td colspan="2"><br></td></tr>
</table>